IJRAR.ORG E-ISSN: 2348-1269, P-ISSN: 2349-5138

INTERNATIONAL JOURNAL OF RESEARCH AND ANALYTICAL REVIEWS (IJRAR) | IJRAR.ORG

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# Two Day National Seminar

**On**

**AI And Education**

**Opportunities, Challenges and Innovations**

**Organized by**

**Government Arts College, Vallabhipur**

**પેપરનું શીર્ષક**

**આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નાં ઉપયોગ અંગે પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ**

**પ્રસ્તુતકર્તા**

**અશ્વિનકુમાર કે. અવૈયા**
મદદનીશ પ્રાધ્યાપક , વર્ગ – ૨
સરકારી શિક્ષણ મહાવિદ્યાલય – કાછલ

તારીખ – ૧૯-૨૦/૦૧/૨૦૨૫

**આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નાં ઉપયોગ અંગે પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ**

**અશ્વિનકુમાર કે. અવૈયા**
**મદદનીશ પ્રાધ્યાપક , વર્ગ – ૨**
**સરકારી શિક્ષણ મહાવિદ્યાલય – કાછલ**

**સારાંશ :**

આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)એ એકવીસમી સદીનું ચાલકબળ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)એ તમામ ક્ષેત્રમાં કાર્યોને સરળ બનાવવામાં અગત્યની ભૂમિકા ભજવી છે. શિક્ષણક્ષેત્ર પણ તેમાંથી બાકાત નથી. પ્રસ્તુત અભ્યાસનો હેતુ શિક્ષણમાં આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ની તપાસ કરવાનો હતો. પ્રસ્તુત અભ્યાસ માટે માહિતી મેળવવા અભ્યાસક દ્વારા સ્વ-રચિત અભિપ્રાયાવલિ ગૂગલ ફોર્મમાં તૈયાર કરવામાં આવી હતી. ચાલુ વર્ષનાં બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓ પાસેથી આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ના ફાયદા,મર્યાદાઓ અને ઉપયોગ અંગેના સૂચનો પ્રાપ્ત થયા હતા. જેમાં નિયત સમય મર્યાદામાં

૨૪૭ પ્રશિક્ષણાર્થીઓ પાસેથી અભિપ્રાયો પ્રાપ્ત થયેલ.જેના મુખ્ય તારણો જોઈએ તો આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)થી શિક્ષણમાં ગુણવત્તા અને સુધારણા લાવી શકાય છે. તેમજ આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નાં ઉપયોગ અંગે જાગૃતિ લાવવા અને ચોક્કસ નીતિનિયમોની રચના કરવા સંબંધી અભિપ્રાયો આપેલ હતા. તેમજ મોટા ભાગના પ્રશિક્ષણાર્થીઓએ આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI) અંગે તાલીમની જરૂરિયાત હોવાની ભલામણ કરેલ હતી.

**પ્રસ્તાવના :**

એક એવી ટેકનોલોજી કે જેણે તાજેતરમાં સૌનું ધ્યાન ખેંચ્યું છે અને તે છે આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI). આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)એ એકવીસમી સદીનું ચાલકબળ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)એ નવી ક્રાંતિના માર્ગ મોકળા કર્યા છે. આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)એ તમામ ક્ષેત્રમાં કાર્યોને સરળ બનાવવામાં અગત્યની ભૂમિકા ભજવી છે. શિક્ષણક્ષેત્ર પણ તેમાંથી બાકાત નથી. શિક્ષણસંસ્થાઓમાં એ વહીવટી પાસું હોય કે વર્ગ હોય આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)એ પોતાનો પગપેસારો કરેલો જ છે. AI શિક્ષકોને કે શાળાપ્રક્રિયાને બદલી શકે ખરી ? શિક્ષકનું સ્થાન લઈ શકે ખરું ? આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI) વિષે એવું કહેવાય છે કે તે શિક્ષણને વધુ વ્યક્તિગત, અસરકારી અને અનુભવ પ્રદાન કરનારું બની રહેશે. વિદ્યાર્થીને શોધ કરવા સક્ષમ અને પ્રતિભા તેમજ સર્જનાત્મકતામાં સુધારો કરવા સક્ષમ બનાવે છે.

શિક્ષણમાં આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI) વિષે અભ્યાસ ઘણો મહત્વનો બની રહે છે. શિક્ષણમાં આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)થી મોટા પરિવર્તનો થઈ શકે છે. પ્રસ્તુત અભ્યાસનો હેતુ શિક્ષણમાં આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ની તપાસ કરવાનો હતો.

**ચાવીરૂપ શબ્દો :**

આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI), બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓ

**અભ્યાસના હેતુઓ :**

1. આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI) સંદર્ભે બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
2. બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓના આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉપયોગના ક્ષેત્રો જાણવા.
3. બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓના મતે આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ના ફાયદાઓ જાણવા.
4. બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓના મતે આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ની મર્યાદાઓ જાણવી.
5. બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓના મતે આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉપયોગ અંગેના રચનાત્મક સૂચનો જાણવા.

**અભ્યાસનું મહત્વ :**

પ્રસ્તુત અભ્યાસથી આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ના સંદર્ભમાં બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયો જાણવા મળ્યા હતા. આ ઉપરાંત આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નાં સંદર્ભમાં અભિપ્રાયાવલિ ઉપલબ્ધ થઈ હતી. બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયો દ્વારા આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ના ફાયદા,મર્યાદાઓ અને ઉપયોગ અંગેના સૂચનો પ્રાપ્ત થયા હતા.

**અભ્યાસની ક્ષેત્ર મર્યાદા :**

1. પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યની સરકારી બી.એડ. કોલેજમાં અભ્યાસ કરતા બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓ પૂરતો માર્યાદિત હતો.
2. પ્રસ્તુત અભ્યાસમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં અભ્યાસ કરતા સરકારી બી.એડ. કોલેજનાં પ્રશિક્ષણાર્થીઓને જ નમૂના તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.
3. પ્રસ્તુત અભ્યાસ માટે સ્વ-રચિત અભિપ્રાયાવલિનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા :**

1. બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓ : વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાત રાજ્યની સરકારી બી.એડ. કોલેજમાં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓ.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી :**

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં ગુજરાત રાજ્યની સરકારી બી.એડ. કોલેજમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ હતો. જેની અંદાજિત સંખ્યા ૪૦૦ આસપાસ હતી. જે તમામને જે તે કોલેજના આચાર્યશ્રીના માધ્યમથી વ્હોટસ એપમાં  ગૂગલ ફોર્મની લીંક મોકલવામાં આવેલ હતી. જેમાંથી નિયત સમય મર્યાદામાં આપેલ પ્રતિચારોની સંખ્યાને નમૂના તરીકે પસંદ કરેલ હતા.

વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ ૪૦૦ પ્રશિક્ષણાર્થીઓમાંથી નિયત સમય મર્યાદામાં કુલ ૨૪૭ પ્રશિક્ષણાર્થીઓએ પોતાના પ્રતિચાર આપ્યા હતા જેને પ્રસ્તુત અભ્યાસમાં નમૂના તરીકે પસંદ કરેલ હતા. બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓના આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI) અંગે અભિપ્રાયો જે ૨૪૭ પ્રશિક્ષણાર્થીઓ પાસેથી પ્રાપ્ત કરવામાં આવ્યા હતા તેમાં ૫૮ ભાઈઓ અને ૧૮૯ બહેનોનો સમાવેશ થયેલ હતો. વિષય પ્રવાહની દૃષ્ટિએ જોઈએ તો ૧૮૭ સામાન્ય પ્રવાહના પ્રશિક્ષણાર્થીઓ અને ૬૦ વિજ્ઞાન પ્રવાહના પ્રશિક્ષણાર્થીઓ સમાવિષ્ટ હતા.

**ઉપકરણ :**

પ્રસ્તુત અભ્યાસ માટે માહિતી મેળવવા અભ્યાસક દ્વારા સ્વ-રચિત અભિપ્રયાવલિ ગૂગલ ફોર્મમાં તૈયાર કરવામાં આવી હતી. આ અભિપ્રાયાવલિમાં કુલ ૧૫ વિધાનો રાખવામાં આવેલ હતા. જેમાં ૧૨ વિધાનો અભિપ્રાય પ્રકારના જ્યારે ૨ વિધાનો હા કે ના માં ઉત્તર આવી શકે તે પ્રકારના હતા અને એક વિધાનમાં એકથી વધુ વિકલ્પો પસંદ કરી શકાય તે પ્રકારનું હતું. ૧૨ વિધાનોનું ક્રમાંકન પંચબિંદુ દ્વારા કરવામાં આવ્યું હતું. નમૂનામાં સમાવિષ્ટ પાત્રોએ સંપૂર્ણ સંમતથી સંમત,તટસ્થ, અસંમત કે સંપૂર્ણ અસંમત પૈકી કોઈ એક વિકલ્પ પસંદ કરી ક્લિક કરી પોતાનો અભિપ્રાય આપવાનો હતો. આ વિધાનોનો રચના આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ના ફાયદા,મર્યાદા અને સૂચનોના સંદર્ભમાં હતા. હા કે ના પ્રકારના વિધાનની રચના આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉપયોગ અને તાલીમની જરૂરિયાત જાણવા અંગેના હતા. જ્યારે બહુવિકલ્પ પ્રકારના એક વિધાનની રચના બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓ આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ ક્યા ક્યા ક્ષેત્રમાં કરે છે તે જાણવા માટે કરી હતી.


**માહિતીનું એકત્રીકરણ :**

બી.એડ.નાં પ્રશિક્ષણાર્થીઓના આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI) અંગે અભિપ્રાયો મેળવવા ડીસેમ્બર – ૨૦૨૪ દરમિયાન ચાલુ વર્ષે ગુજરાત રાજ્યની સરકારી બી.એડ.કોલેજમાં અભ્યાસ કરતા અંદાજિત ૪૦૦ પ્રશિક્ષણાર્થીઓને ગૂગલ ફોર્મની લીંક દ્વારા સ્વ રચિત અભિપ્રયાવલિ મોકલવામાં આવેલ. જેમાંથી નિયત સમય મર્યાદામાં ૨૪૭ પ્રશિક્ષણાર્થીઓ પાસેથી અભિપ્રાયો પ્રાપ્ત થયેલ. આ માહિતી પ્રાપ્ત કરવામાં સરકારી બી.એડ. કોલેજમાં અધ્યાપનકાર્ય કરતા અધ્યાપકોનો સહયોગ પ્રાપ્ત થયેલ.

**માહિતીનું વિશ્લેષણ :**

**1. શું આપ આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ કરો છો ?**


247 પ્રતિસાદ




૯૩.૧% જેટલા પ્રશિક્ષણાર્થીઓએ આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નો પોતાના શિક્ષણમાં ઉપયોગ કરવા અંગે સંમતિ આપી હતો. આનો અર્થ એ થયો કે મોટા ભાગના પ્રશિક્ષણાર્થીઓ પોતાના શિક્ષણકાર્યમાં આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરે છે.

**2. આપ આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ ક્યારે કરો છો ?**


247 પ્રતિસાદ




આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ ક્યારે ક્યારે કરે છે તે જાણવાના આશયથી પૂછવામાં આવેલ આ પ્રશ્નમાં ૪૫.૩૦% પ્રશિક્ષણાર્થીઓ એ પોતે સમયાંતરે આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરવા અંગે સહમતિ દર્શાવી હતી. ૩૬.૮૦% પ્રશિક્ષણાર્થીઓ ક્યારેક જ આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરે છે. દરરોજ આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરતા હોય તેવા પ્રશિક્ષણાર્થીઓ ૧૪.૨૦% જ હતા.

**3. નીચેનામાંથી કેવી પરિસ્થિતિમાં આપ આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ(AI) નો ઉપયોગ કરો છો ? (એકથી વધુ વિકલ્પ પસંદ કરી શકો છો. )**

247 પ્રતિસાદ




પ્રશિક્ષણાર્થીઓ આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ શા માટે કરે છે તે જાણવાના આશયથી પૂછેલ આ બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નમાં નમૂના પાસેથી ઉત્તર મેળવતા એ જાણવા મળ્યું કે પ્રશિક્ષણાર્થીઓ પ્રશ્નોના ઉત્તર મેળવવા અને પોતાના જ્ઞાનમાં

વધારો કરવા સૌથી વધુ આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરે છે. નોંધપાત્ર બાબત એ પણ જોવા મળી કે મનોરંજન માટે કે ગૃહકાર્ય કરવા માટે આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરનાર પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા બહુ ઓછી હતી.


આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)ના ઉપયોગને કારણે સમયની બચત થાય છે કે કેમ તે અંગે આપેલ અભિપ્રાયોમાં ૭૩% જેટલા પાત્રોએ સહમતિ દર્શાવી હતી. કોઈ પણ મુદ્દાની સરળતાથી સમજૂતી પ્રાપ્ત કરવા અને ગૃહ કાર્ય અને પ્રોજેક્ટ કાર્યમાં ગુણવત્તા લાવવા સંબંધી વિધાનો નંબર ૫ અને ૬માં ૮૦%થી વધુ પાત્રોએ સહમતિ દર્શાવી હતી. એનો અર્થ એ થયો કે ઉપરોક્ત બંને મુદ્દા સંબંધી શિક્ષણમાં આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)ની ઉપયોગિતા રહેલી છે.

આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)ની કેટલીક મર્યાદાઓને ધ્યાનમાં રાખીને રચેલ વિધાનોમાં વિધાન નંબર ૭,૮,૯ અને ૧૦ માં નમૂનામાં સમાવિષ્ટ પાત્રોમાંથી ૫૦% થી વધુ પાત્રોએ તટસ્થ અભિપ્રાય આપ્યા હતા.એટલે કે વ્યકતિગત સર્જનાત્મકતા નાશ પામવા, માહિતીની ઉઠાંતરી સરળ બનવી અને માહિતીની ગુણવત્તાની ચકાસણી સંબંધી મર્યાદાઓમાં સહમતિ જોવા મળી ન હતી.

આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)નાં ફાયદા ને મર્યાદા સંદર્ભે જાગૃતિ લાવવા અને તેના ઉપયોગ અંગે નિયમો ઘડવા સબંધે માંગેલ અભિપ્રાયોમાં માટે રચેલ વિધાનો નંબર ૧૧ અને ૧૨માં ૮૦%થી વધુ પાત્રોએ સહમતિ દર્શાવી હતી.

13. આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) શિક્ષકનું સ્થાન ક્યારેય લઇ શકે નહિ.


247 પ્રતિસાદ




આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) શિક્ષકનું સ્થાન લઈ શકે કે કેમ તે અંગે પૂછાયેલા પ્રશ્નમાં ૭૦ % પાત્રોના મતે આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) શિક્ષકનું સ્થાન ક્યારેય લઇ શકે નહિ. પ્રસ્તુત વિધાનના અનુસંધાને નમૂનામાં સમાવિષ્ટ પાત્રોએ આપેલા અભિપ્રાયને આધારે કહી શકાય કે આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) શિક્ષકનું સ્થાન ક્યારેય લઇ શકે નહિ.

14. વ્યક્તિગત શૈક્ષણિક વિકાસમાં આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) ખૂબ જ જરૂરી છે.


247 પ્રતિસાદ




૫૮ % પાત્રોના મતે આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) વ્યક્તિગત શૈક્ષણિક વિકાસમાં ખૂબ જ જરૂરી છે. એટલે કે આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા વ્યક્તિગત શૈક્ષણિક વિકાસ કરી શકાય છે.

15. શું આપને આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)નાં યોગ્ય ઉપયોગ અંગે વધુ તાલીમની જરૂર છે ?

247 પ્રતિસાદ




૮૫% પ્રશિક્ષણાર્થીઓએ આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)અંગે તાલીમની જરૂરિયાત હોવા અંગે પોતાનો અભિપ્રાય આપ્યો હતો. આનો અર્થ એ થયો કે પ્રશિક્ષણાર્થીઓમાં આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)અંગે હજુ વધુ તાલીમની જરૂરિયાત છે.

**પરિણામો અને તારણો :**

નમૂનામાં સમાવિષ્ટ પાત્રોએ આપેલ અભિપ્રાયોને આધારે પ્રસ્તુત અભ્યાસના નોંધપાત્ર પરિણામો અને તારણો નીચે મુજબ હતા.

1. પ્રશિક્ષણાર્થીઓ પોતાના શિક્ષણકાર્યમાં આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરે છે.
2. આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા પોતાના જ્ઞાનમાં વધારો કરી શકાય છે.
3. આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા પ્રશ્નોના ઉત્તરો સરળતાથી મેળવી શકાય છે.
4. આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા ગૃહકાર્ય – પ્રોજેક્ટ કાર્યમાં સુધારણા લાવી શકાય છે.
5. આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)નાં ફાયદા ને મર્યાદા સંદર્ભે જાગૃતિ લાવવા પ્રયાસો કરવા જોઈએ.
6. આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)નાં ઉપયોગ અંગે નિયમો ઘડવા જોઈએ.
7. આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) શિક્ષકનું સ્થાન ક્યારેય લઈ શકે નહિ.
8. આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા વ્યક્તિગત શૈક્ષણિક વિકાસ કરી શકાય છે.
9. પ્રશિક્ષણાર્થીઓમાં આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)અંગે યોગ્ય તાલીમ આપવી જોઈએ.

**ઉપસંહાર :**

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ પાત્રોએ આપેલા અભિપ્રાયોને આધારે કહી શકાય કે શિક્ષણમાં આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરનારાઓની સંખ્યા પુષ્કળ પ્રમાણમાં છે પરંતુ તેના યથોચિત ઉપયોગ અંગે પૂર્ણપણે તેઓ વાકેફ નથી. નવી ટેકનોલોજીનો તેઓ સ્વીકાર કરી રહ્યા છે, પરંતુ યથાર્થ રીતે ઉપયોગ કરે તે અંગે યોગ્ય તાલીમ આપી શિક્ષણક્ષેત્રમાં આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા પરિવર્તન વધુ સારી રીતે અને વધુ ઝડપથી ચોક્કસ લાવી શકાય.વધુમાં એ પણ જાણવા મળ્યું કે પ્રશિક્ષણાર્થીઓ પોતાના શિક્ષણકાર્યમાં આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)નો યથોચિત ઉપયોગ કરી રહ્યા છે. એટલે આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)ની સારી અસર તેમના પર પડી રહી છે. ફાયદા અને મર્યાદા અંગે યોગ્ય જાગૃતિ આવે તેવા કાર્યક્રમો થકી આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI)ને શિક્ષણનું અભિન્ન અંગ ચોક્કસપણે બનાવી શકાય.

**સંદર્ભ**

1. ઉચાટ, ડી.એ. (2012). ***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.*** રાજકોટ. પારસ પ્રકાશન.
2. જાની, વાય. (2024). ***આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ.*** આદર્શ પ્રકાશન.
3. https://gujarati.matrubharti.com/book/19860659/artificial-intelligence-by-maulik-zaveri#google_vignette